॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મિડીયા

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

સં - ૨૦૭૯ | માગશર સુદ : ૦૩ | શનિવાર | તા.: ૨૬.૧૧.૨૦૨૨ | SDP No. : 947 | Mob.: +91 7801877774, +91 7718977774 | ankasantandharmaptrika@gmail.com

Global Kutch : જળ સંચય, પર્યાવરણ:

ગ્લોબલ કચ્છ કરછના સર્વાંગી વિકાસના ભગીરથ કાર્ય અને જીવદયા, પર્યાવરણના આ ' ખેડૂત મેળાવડા ' ના મહાયજ્ઞમાં જોડાવવાનું સસ્નેહ આમંત્રણ માદરે વતન ' કચ્છ ' માં જળ સંચય અને પ્રાકૃતિક ખેતી દ્વારા નવસંસ્કરણ કરી ઇતિહાસ રચવા ' સમસ્ત મહાજન ' , ' ગ્લોબલ કચ્છ ' અને ' ક્રીડા ' સયુંકત અભિયાન અંતર્ગત ' ખેડૂત મેળાવડા ' માં જોડાવવા આપને આમંત્રિત કરતા આનંદ અને હર્ષની લાગણી અનુભવીએ છીએ.

મુજો ગામ નંદનવન, મુજો ભારત નંદનવન

' સમસ્ત મહાજન ' અને ' ગ્લોબલ કચ્છ ' સયુંકત અભિયાનના જળ જિંદાબાદ અભિયાન હેઠળ જેટલા ગામો જોડાશે ત્યાં ત્રણ વર્ષમાં સહિયારા પ્રયત્નોથી વિકાસ કાર્યો કરવામાં આવશે. અત્યાર સુધીમાં ૭૦ જેટલા ગામોના પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર થઈ ગયા છે જેનો અહેવાલ ગુજરાત સરકારશ્રી અને ગામવાસીઓને આપવામાં આવશે.

વરસાદના પાણીની આવક, જળ સંચયની શક્યતાઓ અને ગામના વાર્ષિક વપરાશને ધ્યાનમાં રાખી, ' કચ્છ ' ના દરેક ગામને હંમેશ માટે પાણીની અછતને દૂર કરવા માટે આ સંપૂર્ણ વૈજ્ઞાનીક પદ્ધતિ પ્રમાણે ' સમસ્ત મહાજન ' અને ' ગ્લોબલ કચ્છ ' સયુંકત અભિયાન અને ACT ફાઉન્ડેશન દ્વારા સર્વે કરવામાં આવેલ છે.

આ સર્વે ગામના સંપૂર્ણ વિકાસ માટે જરૂરી માર્ગદર્શન સાથે વ્યવહારુ વિકલ્પ પૂરૂં પાડશે. જેનાથી ભૂગર્ભ જળ સંચય, પાણીની કરકસર અને યોગ્ય વપરાશ, ખેતીમાં પાણીની માંગ ઘટાડવી, સેંદ્રિય કાર્બન વધારવું, ગામદીઠ હજારો વૃક્ષોનું વાવેતર, ગૌચર વિકાસ વગેરે અતિ મહત્વના કાર્યોને પૂર્ણ કરવા એક નવી ગતિ મળશે.

ઉપરોક્ત કાર્યો ખારૂઆ, ભારાપર, કોટડા-રોહા, ડેપા, ડોણ, દેવપુર, આરીખાણા અને કોટડી મહાદેવપુરીમાં શરૂ થઈ ચૂક્યા છે. તેમજ નરેડી, સણોસરા, શિરવા, વારાપધર, રાજપર, મોડકુબા અને ભવાનીપરમાં કાર્યો તરત જ શરૂ થઈ જશે.

કરછ એગ્રોફોરેસ્ટરી ફાર્મર્સ પ્રોડયુસર કંપની લીમીટેડની લોંચીંગ કરવામાં આવી રહી છે. બ્રહમાકુમારી સંસ્થા દ્વારા કરછના ૩૦૦ ગામડાઓમાં ' આત્મનિર્ભર ખેડુત અભિયાન ' નો શુભારંભ.

ગ્લોબલ કચ્છ ટીમ

મયંક ગાંધી - 9920788909
બીરેન વોરા - 9702930333
ગોવિંદ મંગે (ભારાપર) 9819701701
મીરા મહેન્દ્ર સત્રા (ગુંદાલા) 9920378778
CA નવીન શાહ (નરેડી) 9821383338
વિશાલ મહિન્દ્ર ગડા (ખારૂઆ) 9820635335
દિપક અર્જુન હુરબડા (હાજાપર) 9819533511
ઉર્મિલ રમણીકલાલ ગાલા (સમાઘોઘા) 9322221390
દિનેશ હેમરાજ વિસરીયા (કોટડા-રોહા) 9322213877
મેહુલ શાંતિલાલ ગાલા (દેવપુર) 9820470701

આ વાતનું ખયાલ રાખજો થોડા વર્ષો પછી પશુ અને પક્ષીઓ માટે કચ્છ વરદાન બની નવા અભિયારણ સ્વરૂપે ઉભરી થનગનશે.

ગામ કે ગૃપના દેશ વિદેશમાં વસતા પ્રતિનિધીઓ ' સમસ્ત મહાજન ' અને ' ગ્લોબલ કચ્છ ' સયુંકત અભિયાન દ્વારા કાર્યોની ઊંડી સમજ મેળવવા ડિજીટલ મીટીંગ દ્વારા સંપૂર્ણ માહિતી મેળવી શકે છે.

મૂજી માતૃભૂમિ કે નમન

મહિલા સંઘ દ્વારા વિવિધ વિસ્તાર નાં મહિલા શકિતઓ નાં સંગઠન ની રચના

સમાજ ના ઝોન અને યુવાસંઘ નાં રીજીયન ની જેમ ૨૫ વર્ષ ની રજત જયંતિ નિમિતે મહિલા સંઘ નાં જશોદાબેન નાંકરાણી પ્રમુખ દ્વારા સ્ત્રી શકિતને સંગઠન ને પણ મજબૂત માળખું અને વૈવિધ્ય સાથે ઊર્જા વાન નેતૃત્વ પણ કેન્દ્રીય મહિલા સંઘ ને પ્રાપ્ત થાય તેવા પ્રયાસ કરવા જરૂરી છે. આથી ભારત ભર માં કેટલાક ઝોન સમાજ દ્વારા મહિલા શક્તિ નાં સંગઠન નિર્માણ કરવાનું કાર્ય સોંપવામાં આવેલ.આ મહિલા સંગઠન નાં શકિતપીઠ પણ કહી શકાય.

મહિલા શકિતઓ નાં વિભાગીય સંગઠન માં છતિસગઢ શક્તિ પીઠની રચના#

મહિલા સંઘ છત્તીસગઢ ઝોન

પ્રમુખ
શ્રીમતી પુષ્પાબેન કાંતિભાઇ નાકરાણી , (રાયપુર)
Mobile:- 7487025558

ઉપપ્રમુખ
શ્રીમતી રીટાબેન કાંતિભાઇ દિવાની, (રાજનાદગાવ)
Mobile:- 9098409326

મહામંત્રી
શ્રીમતી પ્રભાબેન કિરીટભાઈ નાકરાણી, (રાયપુર)
Mobile:- 9406407309

મંત્રી
શ્રીમતી દિવ્યાબેન નિતેશભાઇ છાભૈયા, (રાયપુર)
Mobile:- 966957765

ખજાનચી
શ્રીમતી સવિતાબેન નાનાલાલ લીંબાણી, (રાયપુર)
Mobile:- 9406300700

સહ ખજાનચી
શ્રીમતી રુક્ષમણી રમણીકલાલ સુરાણી, (કુમ્હારી)
Mobile:- 9713300017

કારોબારી સભ્યશ્રી
શ્રીમતી રમીલાબેન નવીનભાઈ હળપાણી, (રાયપુર)
Mobile:- 9406400172
શ્રીમતી મંજુલાબેન સુરેશભાઈ ધોળ્યું,(બિલાસપુર)
Mobile:- 9827411582
શ્રીમતી તારાબેન વિસનજી ભાઇ પોકાર, (રાયપુર)
Mobile:- 9685119570
શ્રીમતી દમયંતીબેન ગજેન્દ્ર વાલાણી, (મહાસમુદ)
Mobile:- 9302697949
શ્રીમતી નિર્મલાબેન ભરતભાઈ દિવાની, (રાયપુર)
Mobile:- 7999780014


પ્રભાબેન કિરીટભાઈ નાકરાણી, મહામંત્રી

પ્રમુખ, પુષ્પાબેન કાંતીભાઇ નાકરાણી, રાયપુર

જીવતે જીવ અંગ દાન કરીને પ્રભુ ના પર્યાય બન્યા

જીવન ચક્ર માં મનુષ્ય ને એક પાત્ર ભજવવાનું હોય છે, અને એક ના એક દિવસે પાત્ર નો અંત પરમ સત્ય છે, પણ કોઈ વિરલા વ્યકિતવ્ય હોય છે અથવા એમ કહીએ કે વૈચારિક સમૃદ્ધ પરિવાર હોય છે જે જીવ ના અંતિમ પળે પ્રભુ ના પર્યાય બનવાનો નિર્ણય લઈ શકે છે, અને આ નિર્ણય ને ચરિતાર્થ કર્યો વાગડીયા પરિવાર અમદાવાદ, સ્વ હર્ષાબેન ને પ્રભુ ના પ્રયાય બનાવ્યા, ૦૨ કિડની , અને આંખોં દાન કરી ને ઉત્તમ માનવતા નું કાર્ય કરેલ છે, વાતો કરવી સહેલી છે પણ વાસ્તવિકતા માં કરવું સરળ નથી, ટીમ હેલ્થ એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ નતમસ્તક વાગડીયા પરિવાર ને નમન , અભિનંદન કરે છે, અને સ્વ હર્ષાબેન ને પ્રભુચરણે સ્થાન મળે એવી માં ઉમિયા ચરણે પ્રાથના, ૐ શાંતિ શાંતિ શાંતિ.

સ્વ. હર્ષાબેન કાન્તીભાઈ વાઘડીયા.
પતિ- કાન્તીભાઈ પ્રેમજીભાઈ વાઘડીયા.
સ્વ. તા- 26/9/2022. ઉ. વર્ષ- 58
કચ્છ- મેઘપર (લખપત)
હાલ- સી.ટી.એમ સમાજ, અમદાવાદ.

અંગદાન- ૦૨ કિડની, ૦૨ આંખો, લિવર નું ડોનેશન કરવામાં આવ્યું..

પરીવાર ને માનવતા ગૌરવ એવોર્ડ થી સન્માનિત કરવામાં આવે છે.સ્વ.હર્ષાબેન શરીર સ્વરૂપે નથી પરંતુ અન્ય નાં શરીરમાં જરૂર તેઓ ની આંખો, લીવર અને કિડની નાં અવયવો જીવંત છે.

આમ જીવંત શરીર માંથી અંગો નું દાન કરવાનો કચ્છ કડવા પાટીદાર સમાજ માં એક માત્ર વર્તમાન સમય ની ઘટના બની છે.

આ વાસ્તવિકતા સક્ય કેમ બની તેનો ચરિતાર્થ હેલ્થ અને ડિઝાસ્ટર ટીમ દ્વારા કરવામાં આવશે જેથી સહુ બે પ્રેરણા મળે અને આવા સમયે કેવી ક્રિયા કરવી જેથી નિર્ણય અને કાર્ય બને શક્ય બને જે પરિણામલક્ષી સફળતા મેળવી શકીએ..

શ્રીસમાજ પ્રચાર અને પ્રસાર આ અંગ દાન નાં સફળ પ્રયાસ નાં કાર્ય માં જે કોઈની ભૂમિકા રહી હોય એમને બિરદાવે છે અને સ્વ.હર્ષાબેન નાં દિવગત સાથે માનવતા નાં ઉત્તમ કાર્ય માટે પરીવાર ને વંદન કરે છે.

સમૂહ લગ્નોત્સવ અંગે અગત્યનો સંદેશ (સાબરકાંઠા ઝોન સમાજ)

જય લક્ષ્મીનારાયણ સહ આપણી સમાજના તમામ ભાઈ - બહેનોને ખાસ જણાવવાનું કે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, સાબરકાંઠા ઝોન દ્વારા તા.૦૪/૧૨/૨૦૨૨ ને રવિવારના રોજ હિંમતનગર ખાતે છઠ્ઠા સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં આપણી શ્રી,ક.ક.પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજના તમામ સભ્યોને સહકુટુંબ ભાગ લેવા માટે આમંત્રણ છે. જેની પત્રિકાની PDF કોપી આ સાથે વોટ્સએપ દ્વારા મોકલી આપેલ છે. આપણી સમાજના તમામ સભ્યોએ તેમના આ લગ્નોત્સવના ભોજન સમારંભ માટેના ફ્રી ભોજન પાસ વ્યવસ્થાના ભાગરૂપે આપણી સમાજ પાસેથી જ મેળવવાના રહેશે. આપણી સમાજના કોઈપણ સભ્યને તેમના કંપામાંથી ભોજનપાસ મળશે નહીં તેની તમામે ખાસ નોંધ લેવી. ભોજનપાસના વિતરણ માટેની તારીખ, સમય તથા સ્થળ વિગેરેની જાણ વોટ્સએપ દ્વારા એક બે દિવસમાં કરવામાં આવશે. જેના માટે બિનજરૂરી ફોન કરશો નહીં તેવી તમામને ખાસ વિનંતી છે.

ખાસ નોંધ:

સમાજના તમામ રેકર્ડના અપ ડેટિંગનું કોમ્પ્યુટરમાં કામ ચાલું હોઈ આપ ભોજનપાસ લેવા આવો ત્યારે આપના ફેમિલીની સંપૂર્ણ માહિતી આ સાથે સામેલ ફોર્મેટ મુજબ તેની પ્રિન્ટ કઢાવીને અથવા કોરા કાગળ પર હાથેથી બનાવીને તેમાં માંગેલ વિગતો ભરીને જરૂરથી અચૂક લેતા આવશો. ભોજન પાસ લેવાના ના હોય તો પણ આ માહિતી પત્રક જરૂરથી પહોંચાડશો તેવી સર્વેને નમ્ર અપીલ છે.

પ્રમુખશ્રી /મંત્રીશ્રી,
શ્રી ક. ક.પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ,
હિંમતનગર.

#રદી સે સમૃદ્ધિ, (ચીપલુણ તાલુકા સમાજ અભિગમ)

તા. ૨૧/૧૧/૨૦૨૨ સોમવારના રોજ શ્રી ચિપલુણ તાલુકા પાટીદાર સનાતન સમાજ દ્વારા રદી થી સમરૂદ્ધી કાર્યક્રમ અંતર્ગત ૬૦૫ કિલો ના પુઠ્ઠા, રદી અને ભંગાર વસ્તુઓ જમા કરવામા આવેલ.

શ્રી રામદેવપીર મંદિર સમિતિ દ્વારા આયોજીત - ક્રિકેટ ટુર્નામેન્ટ

ધડમ ડુંગર નખત્રાણા આયોજિત નીલકંઠ ચેમ્પિયન ટ્રોફી નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ ના ઉદ્ઘાટન સમારંભ.... સંતો, સામાજિક અને રાજકીય અગ્રણીઓના વરદ હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો...

ધડમ ડુંગર, નખત્રાણા મધ્યે , ટુર્નામેન્ટના લાઈવ પ્રસારણ માટેની લીંક દરરોજ રાત્રે કચ્છ ન્યૂઝ માં મૂકવામાં આવશે તો આપશ્રી કચ્છ ન્યૂઝ ના માધ્યમ દ્વારા ભારતભરમાં વસ્તા આપણા ભાઈઓ આ ટુર્નામેન્ટ લાઈવ નિહાળવા નો લાભ લઈ શકે છે આ ટુર્નામેન્ટ ની અંદર સમગ્ર કચ્છભરમાંથી આપણા પાટીદાર ભાઈઓ ની 40 ટીમોએ ભાગ લીધેલ છે.

તેમજ કચ્છ બહાર વસતા ભાઈઓ એ ડોનેશન પણ આપેલું છે

રાયપુર સમાજ એક લાખ રૂપિયા સુરત સમાજ એક લાખ રૂપિયા બેંગ્લોર સમાજ 51,000
તેમજ અન્ય જગ્યા એ થી ફાળો આવવાનું ચાલુ જ છે...
આયોજક..

અબળા અને લાચાર ને શકિત રૂપી હુંફ આપવાનો પ્રયાસ

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ ની દીકરી અન્ય સમાજના લફંગા છોકરા જોડે સંકાજા માં ફસાઈ ને જતી રહી હોય અને તેને ગયા બાદ ખરાબ અનુભવ થી પસ્તાવાના લીધે પરત આવું છે પણ તેમાં વિવિધ સમસ્યા નળતી હોય છે જેવી કે તેના માતાપિતા સ્વીકારવા તૈયાર ના હોય, કુટુંબના વિરોધ કરતા હોય.

કદાચ માતાપિતાને પરત લાવવી છે પણ છોકરો છુટાછેડા આપવા તૈયાર ના હોય અને પ્રેસરથી રાખતો હોય અને દીકરીને ત્યાથી નીકળવવાનો કોઇ જ રસ્તો ના મળતો હોય તો તેને કસાઇવાળા થી છોડાવવા માટે અમારો સંપર્ક કરી ને તમો એક ઉમદા કાર્યમાં સહભાગી થઈ શકો છો.

રજનીભાઇ પટેલ (રામાણી) વડાગામ - જીલ્લો: અરવલ્લી 9925177972

નખત્રાણા માં પરસોતમ રૂપાલા નો ચૂંટણી પ્રચાર

નખત્રાણા માં ગત રોજ હાલે લોકશાહી નાં મતદાન થી પોતાના વિસ્તાર નાં પ્રતિનિધી વિધાનસભા માં ચૂંટણી માંથી વિજેતા કરીને સત્તા માં મોકલવા અનુસંધાને ભારતીય જનતા પાર્ટી નાં અબડાસા સીટ નાં ઉમેદવાર પ્રધ્યુમન્સિહ જાડેજા નાં સ્ટાર પ્રચારક તરીકે પરસોતમ રૂપાલા પધારેલ. એમની સાથે પ્રભારી મહેન્દ્ર પટેલ સાહેબ પણ ઉપસ્થિત રહેલ.

કચ્છ માં સરહદ ડેરી વિષે વાત કરતા જણાવેલ કે અહી આ ડેરીના સહકારી કાર્યકરો દ્વારા ઊંટ નાં દૂધ નું પેકિંગ કરવા માટે નું આયોજન કરવામાં આવ્યું તે કાબિલેદાદ કામ કરેલ છે.

સાથે કોરોના સમય માં સરકારી તંત્રે એ ભારત ભર માં મોદી જી નાં નેતૃત્વ માં કરેલી કામગીરી ની વિશ્વે કરેલી સરાહના બાબતે વિવિધ માહિતી આપી અને ભારત માં થયેલ સુરક્ષા નાં કારણે આપણે સહુ સુરક્ષિત રહ્યા એ આશ્ચર્ય વિશ્વ નાં અનેક દેશો ને થયું છે અને એના કારણે તેઓએ મોદી પાસે પોતાના રાષ્ટ્ર માટે મદદ પણ માગી અને એ મદદ સાથે નો વેપાર પણ મોદી સાહેબ દ્વારા કરવામાં આવ્યું.

ખાસ ઉપસ્થિત જનતા પાસે અપીલ કરી કે મોદીજીના દીર્ઘ દ્રષ્ટિકોણ ને આગળ વધારવા ભારત નાં રાજકીય સમ્રાટ શિવાજી, ગાંધીજી અને સરદાર પટેલ ની ગૌરવશાળી સંસ્કૃતિ ને જાગૃત ઉજાગર કરવા ભાજપ નાં ઉપેડવાર જીતાડી મોદીજીને આપવા નો દ્રઢ સંકલ્પ કરવો અને મતદાન વધુમાં વધુ થાય તે માટે આ કચ્છ નાં વિશાળ મોટા વિસ્તાર માં દરેક પોતાની ફરજ બજાવે અને અન્ય પાસે પણ કરાવે એવા કર્મઠ બનજો એવી અપીલ કરી હતી..

અવસાન નોધ

સ્વ. શાંતિલાલ મનજી રામાણી
ઉંમર 70 વર્ષ
તા. 24/11/2022
કચ્છ માં : નખત્રાણા
હાલે :નાગપુર (મહારાષ્ટ્ર)

સ્વ. હરગોવિંદભાઈ અબજી સુરાણી
ઉંમર 63 વર્ષ
તા. 24/11/2022
કચ્છ માં : વિથોણ
હાલે : થાણે (મુંબઈ)

સ્વ. માતાજી દેવકીબેન
રામજીભાઈ કેશરાણી (રૂડાણી)
ઉંમર 83 વર્ષ | તા. 25/11/2022
હાલે,બલોદ (છત્તીસગઢ)
કચ્છ ગામ નાના અંગીયા